

સુઆયોજિત નગરની અવ્યવસ્થાનો વધુ એક નમૂનો. કચરો એકત્ર કરવા માટે રાખવામાં આવેલી કચરાપેટી જ ગંદકી ફેલાવવા માંડે તોય ગંદકીનો નિકાલ થતો નથી. (તસવીર : દિપક જાની)

# સે. ૨૬ કિસાનનગરમાં વરસાદી પાણીનો ભરાવો : રહીશો તોબા

## માર્ગ નીચાણમાં હોવાથી ઘરઆંગણે જ વરસાદી પાણી ઉભરાય છે

ગાંધીનગર, તા. ૬

સે. ૨૬ કિસાનનગરમાં સોસાયટીનો આંતરિક માર્ગ સમથળ ન હોવાથી ચોમાસા દરમિયાન વરસાદી પાણી હિલોળા લેતા સ્થાનિક રહીશોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. આ મામલે તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા કોઈ કાર્યવાહી ન થતા સોસાયટીના રહીશો શિરદર્દ અનુભવી રહ્યા છે.

શહેરમાં ચોમાસા દરમિયાન સેક્ટરોના આંતરિક વિસ્તારમાં નજર નાંખો ત્યાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જ્યારે અમુક સેક્ટરોમાં ઘરઆંગણે જ વરસાદી પાણી હીલોળા લેતા સોસાયટીના રહીશોએ ઘરની બહાર નીકળવામાં પણ મુશ્કેલી વેઠવી પડે છે. સે. ૨૬માં સ્થિત કિસાનનગરના રહીશો પણ હાલ આવી જ દયનીય સ્થિતિમાં મુકાયા છે. વરસાદી ઝાપટા બાદ સોસાયટીના આંતરિક માર્ગ પર વરસાદનું પાણી ભરાઈ જતા સ્થાનિક રહીશો માટે મોટી સમસ્યા સર્જાય છે. સોસાયટીના પ્લોટ નં. ૫ થી ૮ વચ્ચેના વિસ્તારમાં સ્થિત રોડ નિર્માણમાં હોવાથી સતત વરસાદી પાણી ભરાયેલું રહે છે. બીજી તરફ કોમન પ્લોટ પણ થોડો ઉંચાણ પર હોવાથી વરસાદનું પાણી રોડ પર ઉતરી આવે છે. સોસાયટીના આંતરિક માર્ગોનું કામ એક વર્ષ અગાઉ હાથ ધરાયું હતું. આ દરમિયાન માર્ગનું યોગ્ય લેવલીંગ ન થતા આ સમસ્યા ઉદ્‌ભવી છે. જેના પરિણામે સોસાયટીમાં રહેતા ૨૦ જેટલા પરિવારોને વરસાદી દિવસોમાં ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. ઘરઆંગણે સતત વરસાદી પાણીનો ભરાવો રહેતા ખદબદતી ગંદકી વચ્ચે રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે. સોસાયટીના જાગૃત નાગરિક એસ.એસ. પટેલે આ અંગે સંબંધિત તંત્ર સમક્ષ અગાઉ રજૂઆત પણ કરી છે. આમ છતાં કોઈ પગલા લેવાતા નથી.

# ડૉલર અથવા પાઉન્ડની જંગી રકમ ઈનામમાં લાગી હોવાના મોબાઈલધારકોમાં ફરતા મેસેજ

## રાજ્યના અર્થતંત્રને ડામાડોળ કરતી આ પ્રવૃત્તિને ડામવાની સાઈબર ક્રાઈમ બ્રાંચની જવાબદારી

(પ્રતિનિધિ), ગાંધીનગર, તા. ૬

દેશભરમાં મોબાઈલ ફોન ક્ષેત્રે આવેલી ક્રાંતિએ ઘેર ઘેર મોબાઈલ ફોન ઉપલબ્ધ કરાવી દીધા છે. આ મોબાઈલ ફોનનો દુરઉપયોગ પણ એટલા જ પ્રમાણમાં વધી ગયો છે. મોબાઈલધારકોને લાલચમાં લઈ નાણાં પડાવવાની તરકીબો કેટલાક લેભાગુ તત્વો દ્વારા શરૂ થઈ છે. જેમાં હમણાંથી આ પ્રવૃત્તિ વેગવાન બની રાજ્યના અસંખ્ય મોબાઈલ ધારકોને ડોલર અથવા પાઉન્ડની જંગી રકમ ઈનામમાં લાગી હોવાનો મેસેજ મોકલી માહિતી મંગાવી તેને ફસાવવાની આબાદ ચાલ કેટલાક લોકો કરી રહ્યા છે. જે અંગે તંત્ર યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે જરૂરી બન્યુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મળેલ વિગતો મુજબ રાજ્યભરના મોબાઈલ ધારકો ઉપર છેલ્લા પંદર દિવસ ડૉલર અથવા પાઉન્ડની જંગી રકમ ઈનામમાં લાગી હોવાના મેસેજ આવ્યા છે. આ મેસેજમાં ઈમેઈલ એડ્રેસ આપી મોબાઈલ ધારકની તમામ માહિતી મંગાવાઈ રહી છે. મોબાઈલ ધારકોની સંખ્યામાં ઉત્તરોત્તર થઈ રહેલો વધારો અને રાજ્યના ખુણે ખુણે મોબાઈલ ઉપલબ્ધ બન્યા છે. જેથી કેટલાક લેભાગુ તત્વો ગમે ત્યાંથી મોબાઈલ નંબર મેળવી આવા લાલચુ મેસેજ મોકલી રહ્યા છે.

અગાઉ અનેક લોકો આવી લાલચમાં આવી પોતાની મિલ્કત અને મુડી ગુમાવી ચુક્યા છે ત્યારે ફરથી સક્રિય બનેલી આ પ્રવૃત્તિ રાજ્યના અર્થતંત્રને ડામાડોળ કરી નાખશે તેવી દહેશત બુદ્ધીજીવી વર્ગ કહી રહ્યો છે. કેટલાક મોબાઈલધારકો પોતાનું નસીબ ચમક્યુ હોવાના સમાચારે માહિતી આપી દઈ આ લાલચના તરકટમાં આબાદ ફસાઈ જાય છે.

એક મોબાઈલ ધારકે વિગતો આપતા જણાવ્યું હતું કે મેસેજમાં લખ્યુ હતુ કે 'તમારો મોબાઈલ નંબર ૮૫૦૦૦૦ પાઉન્ડ જીત્યો છે જે ઈએસથી એનઆઈસીસી ટ્વેન્ટી ટ્વેન્ટી વર્લ્ડકપ - પ્રોમો. દાવો કરવા તમારૂ સરનામુ, ઈમેલઆઈડી, નામ અને સરનામુ ઈમેલ ઉપર મોકલો. આમ આ રીતે લોકોને ફસાવાય છે. જેથી આ અંગે રાજ્યની સાઈબર ક્રાઈમ બ્રાંન્ચ સક્રિય બની આવા લેભાગુ તત્વોને જબ્બે કરે તેવી પ્રચંડ માંગ સર્વત્ર પ્રસરી છે.

# ગાંધીનગરના વિવિધ ગામના યુવાનોને ગુટખા છોડવા પ્રતિજ્ઞા લેવડાવતા જયસિંહ ચૌહાણ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આજથી બીજા તબક્કાની વણથંભી વિકાસ યાત્રા-૨૦૧૨નો આરંભ થયો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના હસ્તે ગાંધીનગર તાલુકાની સીટના વિવિધ ગામોમાં રૂપિયા ૬૮ લાખથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.જેમાં રૂપિયા ૫૮ લાખ ૯૭ હજારના વિકાસ કામોનું ભૂમિપૂજન અને રૂપિયા ૯ લાખ ૯૦ હજારના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના હસ્તે પંચાયતી રાજ સ્થાપના સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓના ચુંટાયેલા પૂર્વ -તિનિધિઓનું શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

નાના ચિલોડા ગામ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે,ગુજરાતનો વિકાસ વણથંભી છે. રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં રાજયના તમામ ક્ષેત્રે સર્વાંગી વિકાસ થઈ રહયો છે. રાજયમાં ઔદ્યોગિક વિકાસ સાથે સાથે કૃષિક્ષેત્રે પણ વિકાસ સાંધવા માટે રાજયમાં છેલ્લા આઠ વર્ષથી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.કૃષિ મહોત્સવ થકી રાજયનો કૃષિ વિકાસ દર ૧૦ ટકાએ પહોંચી ગયો છે. રાજયના યુવાધનનું સ્વાસ્થ સારું રહે તે માટે રાજય સરકાર દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૨થી ગુટખા પર -તિબંધ મુકવામાં આવ્યો છે.

રાજયના શિક્ષણ ક્ષેત્રની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં આજથી એક દાયકા પહેલા ડ્રોપ આઉટ રેસીયો ૨૧ ટકા હતો આજે શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી રાજયનો ડ્રોપ આઉટ રેસીયો ૨ ટકા જેટલો થઈ ગયો છે. રાજયની તમામ શાળાઓ ભૌતિક સુવિધાઓથી સજ્જ બની છે. તેમજ છેવાડાનું બાળક પણ ટેકનોલોજીથી વંચિત ન રહે તે માટે શાળાઓમાં કોમ્પ્યુટર લેબ બનાવવામાં આવી છે. દર વર્ષે રાજયની શાળાઓમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવે છે. જેમાં આંખની ખામી ધરાવતા બાળકોને ચશ્મા આપવામાં આવે છે. તે ઉપરાંત હદય, કિડનીની બિમારીથી પીડાતા બાળકોની સારવારંનો ખર્ચ રાજય સરકાર ઉપાડે છે.





કલોલ તાલુકામાં વણથંભી વિકાસ યાત્રા- ૨૦૧૨ અંતર્ગત આજરોજ કૃષિ અને જળસંપત્તિ રાજય મંત્રી શ્રી કનુભાઈ ભલાળાના હસ્તે તાલુકા કક્ષાની સીટમાં સમાવિષ્ટ થતાં વિવિધ ગામોમાં રૂપિયા ૭૫ લાખથી વધુ રકમનાં ૨૫ વિકાસ કામોનું લાકાર્પણ અને ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના હસ્તે પંચાયતી રાજ સ્થાપના સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓના ચુંટાયેલા પૂર્વ -તિનિધિઓનું શાલ અને -માણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# મિલકત વેરાના મામલે જન આંદોલન કરવાની ચિમકી

## ટેક્ષ હોલીડે આપવા મહાસંઘની પ્રબળ માગ

ગાંધીનગર, તા. ૬

મિલકત વેરાના મામલે પાંચ વર્ષ સુધી ટેક્ષ હોલીડે આપવાની માંગણી નહી સંતોષાય તો જનઆંદોલનની રાહ અપનાવાશે તેવી ચિમકી શહેર વસાહત મહાસંઘે ઉચ્ચારી છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરો વસુલ કરવાના મામલે નગરજનોમાં ઉગ્ર રોષ ભભૂક્યો છે. મિલકતવેરા અન્વયે માપણીની પ્રક્રિયામાં પણ ભૂલોની ભરમાર છતી થઈ છે જ્યારે હાલ મહાનગરપાલિકા સફાઈ, જન્મ-મરણની નોંધણી અને અંતિમધામ સિવાય અન્ય કોઈ કામગીરીની સત્તા સોંપવામાં આવી નથી. એકબાજુ શહેરમાં સફાઈ કામગીરી પણ યોગ્ય રીતે ન થતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે ત્યારે મિલકતવેરાની આવક તો ઉપયોગ પણ યોગ્ય રીતે થશે કે કેમ તે મામલે પણ નગરજનોમાં પ્રશ્ન મંડરાયો છે. પંજાબના ચંડીગઢની જેમ ગાંધીનગરને પણ આમ દરજ્જો આપી પાંચ વર્ષ સુધી ટેક્ષ હોલીડે આપવાની રજૂઆત પણ ઉચ્ચકક્ષાએ કરવામાં આવી છે. આ રજૂઆતને પણ લક્ષમાં લીધા સિવાય મિલકતવેરો વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મિલકતવેરાના મામલે આગામી દિવસોમાં જનઆંદોલન કરી લડત અપાશે. જ્યારે આગામી વિધાનસભાની ચૂંટણીના પરિણામો પર સીધી અસર પડે તેવા કાર્યક્રમો યોજવામાં આવશે. તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે. ટેક્ષ હોલીડે માટે ન્યાયાલયના દ્વાર ખટખટાવાશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

# ફ્રેશર્સ પાર્ટીમાં પ્રવેશવા ન દેતાં ચાર શખ્સો સિક્યોરીટી ગાર્ડ પર તુટી પડ્યા


## ભાઈજીપુરા પાસે આવેલી હોટલ મેનેજમેન્ટ કોલેજના ગેટ પાસે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક ભાઈજીપુરા પાટીયા પાસે આવેલી હોટલ મેનેજમેન્ટ કોલેજમાં ગઈકાલે નવા દાખલ થયેલાં વિદ્યાર્થીઓ માટે ફ્રેશર્સ-પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફ્રેશર્સ-પાર્ટીમાં બહારની વ્યક્તિ માટે નો-એન્ટ્રી હોવાથી સિક્યોરીટી ગાર્ડે તેની ફરજ બજાવી બહારથી આવેલા ચાર યુવાન શખ્સોને પાર્ટીમાં જતા રોકતા ચારેય જણાએ ધમાલ મચાવી હતી. ચારેય યુવાનોએ મળીને સિક્યોરીટી ગાર્ડને ઢોર-માર મારતાં ગાર્ડે આ સંદર્ભે સે. ૭ પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગાંધીનગર પાસે આવેલી હોટલ મેનેજમેન્ટ કોલેજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા દાખલ થયેલાં વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે સલામતી અને સુરક્ષાના પગલે કોલેજ સિવાયના યુવક-યુવતીઓ પર પ્રવેશ નિષેધનાં ઓર્ડર સિક્યોરીટીને સોંપવામાં આવ્યા હતા. ગઈ સાંજે ફ્રેશર્સ પાર્ટી ચાલી રહી હતી ત્યારે ચાર યુવાનો અજય તિવારી, દિપક પાંડે, રોહીત રાજ, અનુજ યાદવે આ ફ્રેશર્સપાર્ટીનાં પ્રવેશ મેળવવા હઠ પકડી હતી.

કોલેજનાં વિદ્યાર્થી ન હોવા છતાંય તેમાં પ્રવેશ લેવા માટે પ્રયત્ન કર્યો હતો. આ સમયે ફરજ પર હાજર સિક્યોરીટીગાર્ડ અજીતસિંહ મહીવંતસિંહ ચંપાવતે અંદર પ્રવેશ કરવાની ચોખ્ખી ના પાડી દેતા આ ચારેય યુવાનો અકળાઈ ઉઠ્યા હતા. પાર્ટીમાં પ્રવેશ લેવાનાં પાક્કા ઈરાદા સાથે ગેટ પાસે ઉભા રહી ગયેલા શખ્સોએ સિક્યોરીટી ગાર્ડને ધોઈ નાંખીને ગંભીર ઈજાઓ પહોંચાડતાં તુરંત જ સિક્યોરીટીગાર્ડને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાઓ પામેલા સિક્યોરીટી ગાર્ડ અજીતસિંહ મહાવતસિંહ ચંપાવતે સે. ૭ પોલીસ સ્ટેશનમાં આ ચારેય શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. કાનાભાઈએ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર એસટી ડેપો પાસે થયેલા એક અકસ્માતમાં અમદાવાદ તરફ જઈ રહેલી ઍસટી બસ ફૂટપાથ પર ચડી જઈને એક ઝાડના થડ સાથે અથડાઈ પડી હતી. (તસવીર : દિપક જાની)

## સાંઈ મંત્ર લેખન બુક નિઃશુલ્ક મેળવી શકાશે

ગાંધીનગર, તા. ૬

ડ્રીમ લેન્ડ પરિવાર તરફથી તાજેતરમાં સાંઈ મંત્ર લેખન બુક વિના મુલ્યે પૂરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્ર લેખન કરવા ઈચ્છતા સાંઈ ભકતોએ ડ્રીમ લેન્ડ કન્સલ્ટન્ટ, ૩૦૨, શાલીન કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી સવારે ૧૧ થી ૬ કલાક દરમિયાન સાંઈ મંત્ર લેખનની બુક મેળવી લેવી.

## ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળે ખેડૂતોના પ્રશ્નો માટે આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા તાજેતરમાં માણસાની પટેલ વાડી ખાતે ખેડૂતોના પ્રશ્નોની ચર્ચા કરી પ્રશ્નોના સોલ્યુશન માટે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ખેડૂતોના પ્રશ્નો સંદર્ભે અગાઉ ભૂતકાળમાં ૨ જૂન અને ૩ ઓગષ્ટના રોજ મુખ્યમંત્રીને ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આજ દિન સુધી ખેડૂતોના પ્રશ્નોનો કોઈ નિકાલ લાવી આપ્યો નથી. તો સાત દિવસમાં પ્રશ્નોનો નિકાલ નહી આવે તો ન છૂટકે રાજકીય પાર્ટીનો સહારો લેવા આગેવાનોએ જણાવ્યું છે.

# જ્યોતિ મહિલા મંડળ ૨૧મીએ વિવિધ સ્પર્ધાઓ યોજશે

ગાંધીનગર, તા. ૬

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અંતર્ગત જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે જ્યોતિ મહિલા મંડળ દ્વારા ૨૧મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ વિવિધ સ્પર્ધાઓ સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે યોજાશે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા ૨૧મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ બપોરે ૧.૩૦ કલાકે ભજન સ્પર્ધા, આરતી સુશોભન, ફૂલદાની શણગાર તેમજ શ્રીફળ શણગાર જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાશે. ગાંધીનગર સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે નગરની બહેનોને હલ્દીકંકુ તેમજ વિવિધ સ્પર્ધાઓમાં ઉપસ્થિત રહેવા માટે પ્રમુખ લતાબેન ચોકસી અને સેક્રેટરી કુ. ચેતના બૂચે હાર્દિક અપીલ કરી છે.

# પ્રવેશ ફોર્મ ફી પેટે ૧૦ વર્ષમાં જ રૂપિયા ૪૦ કરોડ વસૂલાયા

અમદાવાદ, તા. ૬

ગુજરાતની નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા વિવિધ અભ્યાસક્રમોમાં ફોર્મ ફી પેટે ૧૦ વર્ષમાં રૂપિયા ૪૦ કરોડ જેટલી રકમ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી વસૂલ કરી છે પણ પ્રવેશ ફોર્મ પેટે એકત્ર થયેલા નાણાંનો ખર્ચ વિદ્યાર્થીઓની સગવડ વધારવાના બદલે અન્ય હેતુ માટે કરી દેવામાં આવ્યો છે તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું છે તેમણે વધુમાં જણાવ્યું છે કે, ભાજપની સરકાર દ્વારા નિયુક્ત થયેલી પ્રવેશ સમિતિએ વિદ્યાર્થીઓ પાસેથી કરોડો રૂપિયા ફોર્મ ફી પેટે વસૂલ્યા છે. ઈજનેરી-ફાર્મસીના ડીગ્રી અભ્યાસક્રમના પ્રવેશ ફોર્મ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૩૫૦, ડિપ્લોમા ઈજનેરી માટે રૂપિયા ૨૫૦ ફોર્મ ફી પેટે લેવામાં આવે છે જ્યારે એમબીએ અને એમસીએના પ્રવેશ ફોર્મની કિંમત રૂપિયા ૧૦૦૦ જેટલી વસૂલાય છે. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સ્પષ્ટ નિયમો જણાવ્યા હોવા છતાં ગુજરાતમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકો સિંગલ વિન્ડોથી ભરાતી નથી જેના પરિણામે વિદ્યાર્થીઓને દરેક કોલેજ દીઠ અલગ અલગ ફોર્મ મેનેજમેન્ટ કવોટામાં ભરવું પડશે. ભાજપ સરકારની સાતત્ય વિનાની નીતિને કારણે વિદ્યાર્થીઓ-વાલીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં પ્રવેશ ફોર્મની ફી ઘટાડવા માટે અને શિક્ષણનું સ્તર સુધારવા રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪

સૂર્યાસ્ત : ૬.૫૩

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૯૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦

જોકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦

: સ્ક્રીન-૩ :

રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫

જોકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦

એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫

રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦

રીવાયત : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦

એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫

જોકર : ૮.૧૫

: સ્ક્રીન-૩ :

રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :

રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

જોકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

રાઝ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫

નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦

: સ્ક્રીન-૩ :

જોકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

### ચિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ફૂલ મંડળી અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે. કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે.

**વૃષભ** : સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે. નવા સંબંધો બંધાશે.કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. આપ ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. જન્નુબેન ગણેશભાઈ ભરવાડ (ઉ.વ. ૭૦) મુ.પો. ધોળાકુવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શકરાભાઈ શિરાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૫) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.